તા. ૧૬.૦૯.૨૦૨૪

દિવ્ય ભાસ્કર (ગાંધીનગર આવૃત્તિ), પાના નં. ૦૨

### ગાંધીનગરથી અમદાવાદ જવા માટે દર સવા અને બે કલાકે મેટ્રો રેલ મળશે

# આજે શહેરને મળશે મેટ્રોની ભેટ: મંગળવારે સવારે 7.20 કલાકે નાગરિકો માટે પ્રથમ મેટ્રો દોડશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

છેલ્લા બે દાયકા બાદના લાંબા ઈંતજાર પછી નગરવાસીઓને મેટ્રો રેલમાં મુસાફરી મંગળવારથી કરી શકશે. જોકે તારીખ 16મી, સોમવારે સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મેટ્રો રેલને લીલી ઝંડી આપીને તેમાં મુસાફરી કરશે. નગરના સેક્ટર-1ના સ્ટેશનથી નાગરિકો માટે મંગળવારે સવારે 7-20 કલાકે પ્રથમ મેટ્રો રેલ ઉપડશે. ત્યારબાદ સવા અને બે કલાકે મેટ્રો મળી શકશે. ગાંધી[illegible]ના સ્ટેશન પ્રમાણે મેટ્રોનું સમયપત્રક પણ નિર્ધારિત કરી દેવામાં આવ્યું છે.

તા. 16મી ને સોમવારથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મેટ્રો રેલનું લોકાર્પણ કરવામાં આવશે. જોકે નગરમાં મોટેરાથી મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલ સેવા શરૂ કરવાના લક્ષાંકના ભાગરૂપે હાલમાં મેટ્રો રેલના 8 સ્ટેશન અને 20.8 કિ.મી. લાંબા કોરિડોરનું લોકાર્પણ વડાપ્રધાનના હસ્તે કરવામાં આવશે. નગરના સેક્ટર-1 ખાતેના સ્ટેશનથી વડાપ્રધાન મેટ્રો રેલ સેવાનો પ્રારંભ કરાવ્યા બાદ મેટ્રો રેલમાં ગીફ્ટસીટી સુધી મુસાફરી કરશે. મેટ્રો રેલના મોટેરાથી સેક્ટર-1 સુધીના 15.4 કિમી વાયાડકટ અને છ સ્ટેશનોમાં જીએનએલયુ, રાયસણ, રાંદેસણ, ધોળાકુવા સર્કલ, ઈન્ફોસીટી અને સેક્ટર-1 તેમજ પીડીઈયુ અને ગીફ્ટસીટીનો પ્રારંભ કરાશે. જોકે નગરવાસીઓને તારીખ 17મી, મંગળવારથી જ અમદાવાદ જવા માટે મુસાફરીનો લાભ આપવામાં આવનાર છે. નગરવાસીઓને ટ્રાફિકની ઝંઝટમાંથી છુટકારો મળશે ઉપરાંત ઝડપી અમદાવાદ સુધી પહોંચવા માટે મેટ્રો રેલ આશીર્વાદ સમાન બની રહેશે. જોકે એસ ટી બસમાં અમદાવાદ જવામાં દોઢેક કલાક જેટલો સમય લાગે છે. જ્યારે મેટ્રો રેલમાં માત્ર 65 મિનિટમાં અમદાવાદ પહોંચી શકાશે.

મેટ્રો રેલના સ્ટેશનની લંબાઈ 140 મીટર, પહોળાઈ 20.5 મીટર, ઉંચાઈ 20-25 મીટર તથા બિલ્ટઅપ એરિયા 5340 ચોરસ મીટરનો ધરાવે છે. મેટ્રો રેલમાં ઓછામાં ઓછું 2.5 કિમીનું ભાડુ રૂપિયા 5 અને વધુમાં વધુ રૂ. 40નું ભાડુ 37.5 કિમી માટે નક્કી કરાયું છે. જોકે ઓછા ભાડા બાદ દર 5 કિમીએ ભાડામાં રૂપિયા 5નો વધારો કરવામાં આવ્યો છે. જોકે મેટ્રો રેલમાં મુસાફરી કરતી વખતે નગરવાસીઓને પોતાની પાસેના સામાનનું ઓટોમેટીક મશીનમાં ચેકિંગ કરવામાં આવશે. ત્યારબાદ જ મેટ્રો રેલમાં બેસવા જવા દેવામાં આવશે.

## મહાત્મા મંદિર સુધીની મેટ્રો રેલ સેવા નાગરિકો માટે જૂન 2025થી કાર્યરત કરાશે



ગાંધીનગરમાં મેટ્રો રેલની સેવા મહાત્મા મંદિર સુધી લંબાવવામાં આવી છે. પરંતુ હાલમાં મેટ્રો રેલ સેવાનો મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-1 સ્ટેશન સુધી અને ગીફ્ટ સીટી સુધી પ્રારંભ કરવામાં આવનાર છે. જ્યારે બાકી રહેલો મેટ્રો રેલનો ભાગ સેક્ટર-1થી મહાત્મા મંદિર સુધીની મેટ્રો રેલ લાઈન નાંખી દેવામાં આવી છે. પિયરની ઉપર મેટ્રો રેલ માટેના ગડર મુકવાની કામગીરી હાલમાં ચાલી રહી છે. આ તમામ કામગીરી જૂન 2025 સુધીમાં પુરી કરી દેવાનો લક્ષ્યાંક છે. જેથી શહેરમાં સંપૂર્ણ મેટ્રો રેલ સેવા આગામી વર્ષે જ મળી શકશે.